જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૬૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૫૨૮	૯૭	૭૫૬૨૫	૭૬૬૪૮	૧૦૬	૭૬૭૫૪
કુલ		૯૨૧૨૪	૯૭	૯૨૨૨૧	૧૦૧૧૭૫	૧૦૬	૧૦૧૨૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૧	૪,૦૪,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૫૮	૪,૫૮,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન

લુંટના આરોપીઓને ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ ડો.રવિન્દ્ર પટેલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડીવીઝન I/C ACP શ્રી આર.આર.સરવૈયા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા સારૂ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે **પોલીસ ઇન્સ્પેકટરશ્રી વિ.જે.જાડેજા** ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ પો.સબ.ઇન્સ. એ.આર.ચૌધરી સાહેબ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે તા-૨૮/૧૨/૨૦૨૧ ના પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમા હતા દરમ્યાન સાથેના પો.કો.ભાવેશભાઈ અમ્રુતભાઈ બ.ન-૧૪૯૨ તથા લોકરક્ષક વિશાલભાઇ જયેશભાઇ બ.ન-૧૨૫૬૬ તથા પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઈ બ.ન-૧૦૦૧૦ તથા પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.ન-૧૧૧૯૧૦૧૭૨૧૧૫૩૭/૨૦૨૧ ધી.ઈ.પી.કો કલમ ૩૯૨,૫૦૬(૨),૧૧૪ તથા જીપી એકટ કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામના આરોપીઓને લુંટમાં ગયેલ ઓપ્પો કંપનીનો મો.ફોન કિ.રૂ.૬૦૦૦/- તથા છરી કિ.રૂ.૦૦/- તથા ડોક્યુમેન્ટ સાથેની બેગ કિ.રૂ.૦૦/- તથા સ્પ્લેન્ડર મો.સા. GJ-01-VQ-1061 ની કિ.રૂ.૬૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬૬,૦૦૦/- સાથે પકડી પાડી પોકેટ કોપની મદદથી આરોપીઓનો ગુનાહિત ઇતીહાસ ચેક કરી આવા રીઢા અને બનેલા ચોર ઇસમોને પકડી અત્રેના પો.સ્ટે.નો અનડીટેક્ટ ગુનો ગણતરીના કલાકોમાં ડીટેક્ટ કરી ગુજ.યુનિ.પોલીસે પ્રશંશનીય કામગીરી કરેલ છે.

આરોપીઓનુ નામ-.

(૧) ફેનીલ ઉર્ફે શુટર દિપકભાઇ ઉમરાણી ઉ.વ.૨૦ ધંધો.મજુરી રહે.મ.નં.બી, વિશ્વંભર એપાર્ટમેન્ટ, જ્યોતિ જાગુતી સોસાયટી, ઇન્ડીયા કોલોની, બાપુનગર, અમદાવાદ શહેર (૨) વિપુલભાઇ ઉર્ફે પોંગો રાજુભાઇ ઠાકોર ઉ.વ.૨૧ ધંધો.ગેરેજકામ રહે.એચ/૭૦૪, રાધા રમણ સરકારી આવાસના મકાન, અનિલ સ્ટાર્ચ રોડ, બાપુનગર, અમદાવાદ શહેર (૩) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર

કબજે કરેલ મુદ્દામાલ

(૧) ઓપ્પો કંપનીનો મો.ફોન કિ.રૂ.૬૦૦૦/- (૨) છરી કિ.રૂ.૦૦/- (૩) ડોક્યુમેન્ટ સાથેની બેગ કિ.રૂ.૦૦/- (૪) સ્પ્લેન્ડર મો.સા.GJ-01-VQ-1061 જેનો ચેસીસ નં.MBLHAW127M5L11727 તથા એન્જીન નં.HA11EDM5L56445 નો છે જેની કિ.રૂ.૬૦,૦૦૦/- કુલ્લે કિ.રૂ.૬૬,૦૦૦/-

શોધાયેલ ગુનો –

ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૧૧૫૩૭/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ ૩૯૨,૫૦૬(૨),૧૧૪ તથા જીપી એકટ કલમ-૧૩૫(૧) મુજબ

કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ

(૧) પો.સબ.ઈન્સ એ.આર.ચૌધરી (૨) પો.કો.ભાવેશભાઈ અમ્રુતભાઈ બ.ન-૭૨૮૫ (૩) લોકરક્ષક વિશાલભાઇ જયેશભાઇ બ.ન-૧૨૫૬૬ (૪) પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઈ બ.ન-૧૦૦૧૦ (૫) પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮ (૬) પો.કો.દિગ્વીજયસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૧૦૨૭૨



પાસા અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૧૪૨/૨૦૨૦ પ્રોહી કલમ એકટ ૬૬(૧)(બી),૬૫(ઇ) (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૨૭૦/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(એ,એ) (૩)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૫૭૫/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(એ),૮૧ (૪)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૧૯૨૯/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(એ) (૫)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૧૧૮/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(ઇ),૮૧ (૬)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૭૭૪/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ) (૭)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૭૪૪/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ) (૮)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૦૨૪/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(એ) (૯)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૫૫૭/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(એ) મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૮૪૯/૨૦૨૧ તા.૨૮/૧૨/૨૦૨૧ ના હુકમ આધારે તા.૨૮/૧૨/૨૦૨૧ ના કલાકઃ૧૭/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

અટકાયતીનુ નામઃ-

કોકીલાબેન દીલીપસિંહ ઉદેસિંહ ઝાલા રહે.બાબુસીંગની ચાલી હીરાવાડી જી.ડી.રોડ પ્રભાકર ટેનામેન્ટની પાસે સૈજપુર બોઘા અ'વાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઃ-

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ. શ્રી વી.એમ.ગોહિલ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩

ચાંદખેડા પોલીસ સ્ટેશન

પ્રોહીબિશન સબંધી પાસા

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ હાલમાં 31st ડીસેમ્બર અનુસંધાને દારૂ કે નશીલા પદાર્થોની પ્રવૃતિ અટકાવવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૭૮૬/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫(એ), ૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામના આરોપીઓ (૧) રતનભાઇ તીરૂભાઇ રાઠોડ ઉ.વ.૩૨, રહે.-દિગ્વિજય સિમેન્ટ ફેક્ટરીની બાજુમાં, છારાનગર, કાળીગામ, સાબરમતી, અમદાવાદ શહેર તથા (૨) રણજીત નગીનભાઇ દંતાણી ઉં.વ.૩૦, રહે.કોટેશ્વર મહાદેવ વાળો વાસ, કોટેશ્વર ગામ, તા.જી.ગાંધીનગર નાઓ પોલીસથી ચોરી છુપી વગરપાસ પરમીટે ફોર વ્હીલ ગાડી નં. GJ-01-RX-0394 કિ.રૂ.૨,૫૦,૦૦૦/- માં દેશીદારૂ ૧૪૦ લીટર કિં.રૂ.૨૮૦૦/-તથા કિં.રૂ.૬,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૨,૫૮,૦૦૦/ ના મુદ્દામાલ સાથે મળી આવેલ અને સદરી આરોપીઓની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપીઓ વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૮૪૮/૨૦૨૧ તથા પીસીબી/ડીટીએન/પાસા/૮૫૦/૨૦૨૧ તા.૨૮/૧૨/૨૦૨૧ થી સદરી બંને આરોપીઓને મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી બંને આરોપીઓને આજરોજ તા.૨૮/૧૨/૨૦૨૧ કલાક ૨૩/૩૦ તથા ૨૩/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર :-

(૧) અ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૨) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭

(૩) પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ બ.નં.૬૬૮૮



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૬૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૦ કેસ કરી, ૧૦૯ વ્યક્તિઓને ઝડપી, ૨૬૪ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૩ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૬૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૬૯/૨૦૨૧**

સેટેલાઇટઃ (૧) હર્ષ પંકજભાઇ શાહ (ઉ.વ.૨૯) (રહે. અનુપમ સોસાયટી રાઠી હોસ્પિટલ પાસે સેટેલાઇટ) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૧ નારોજ મોબાઈલ નંબર ૮૬૫૩૨૯૨૯૪૯, ૯૬૩૫૮૭૦૫૬૯, ૯૦૦૭૫૬૪૪૩૯ ના ધારકોએ હર્ષ શાહના મોબાઈલ ઉપર ફોન કરી એમેઝોન કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી હર્ષ શાહને એમેઝોન કંપનીમાં લકી ડ્રો લાગેલાનુ જણાવી લકી ડ્રો ચાર્જ પેટે હર્ષ શાહ પાસેથી ઓનલાઇન રૂપિયા ૯૯,૭૨૫/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.મહેતા ચલાવે છે.

સેટેલાઇટઃ (૨) રક્ષાબહેન મધુકાંતભાઇ ભટ્ટ (ઉ.વ.૪૭) (રહે. શિવરંજની સોસાયટી શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઇટ) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૭૭૧૮૬૮૫૯૧૧ અને ૯૭૦૭૩૩૨૧૪૫ ના ધારકોએ રક્ષાબહેન ભટ્ટને ફોન કરી રક્ષાબહેનના ઘરે પોતાની પુત્રીને પી.જી.માં રહેવા આવવાનુ જણાવી એડવાન્સ પૈસા ટ્રાન્સફર કરૂ છું તેમ કહી રક્ષાબહેનના મોબાઈલમાં બારકોડ મોકલતા રક્ષાબહેન ભટ્ટ એ બારકોડ સ્કેન કરતા રક્ષાબહેનના ખાતામાંથી રૂપિયા ૫૯,૯૯૭/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.મહેતા ચલાવે છે.

સરખેજઃ (૧) શિવાનીબહેન વા/ઓ ધૃવભાઇ વ્યાસ (ઉ.વ.૨૮) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ એમ.આઇ.જી.-૧, સાણંદ, કરણનગર આગળ, જિલ્લો-અમદાવાદ) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ શિવાનીબહેન વ્યાસના મોબાઈલ ફોન ઉપર મોબાઈલ નંબર ૯૫૭૬૭૦૭૩૦૧ તેમજ +૮૫૨૬૯૯૫૯૮૬૭ ના ધારકે ફોન કરી એમેઝોન કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી એમેઝોન કંપનીમાં પાર્ટ ટાઇમ જોબ કરી રૂપિયા કમાવાની વાત કરતા શિવાનીબહેન વ્યાસે કામ કરવાનુ જણાવતા પ્રથમ અલગ-અલગ ટાસ્ક આપી તેના યુ.પી.આઇ. આઇ.ડી. ઉપર રૂપિયા ટ્રાન્ઝકશન કરાવી તેના બેનીફીટ પેટે રૂપિયા પરત આપી વિશ્વાસમાં લઇ બીજા દિવસે અલગ-અલગ ટાસ્ક આપી ઓસીયન-પે આઇ.ડી. ઉપર રીચાર્જ કરવાનુ કહી શિવાનીબહેન વ્યાસ પાસેથી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવડાવી બેનીફીટ નહી આપી તેમજ રૂપિયા રિફંડ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.દેસાઈ ચલાવે છે.

સરખેજઃ (૨) દર્શન સુરેશભાઇ નાયક (ઉ.વ.૩૬) (રહે. માઇ સ્મૃતી, દત્ત મંદિર પાસે, મહાકાળી એપાર્ટમેન્ટની બાજુમાં, ખરવાડ વાસ, સરખેજ ગામ) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુલાઇ-૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઇન્સ્ટાગ્રામ Global particle store નામના એકાઉન્ટ જેના ધારક “Ashwin Ram Kannan વોટ્સએપ મોબાઈલ નંબર ૭૭૩૬૧૯૪૮૭૫ ના ધારકે એપલ આઇ.ફોન સસ્તા ભાવમાં આપવાની વાત કરતા દર્શન નાયકને મોબાઈલ ફોન લેવાનો હોઈ તેઓએ દર્શન નાયક પાસેથી રૂપિયા ૬૮,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવડાવી મેળવી લઈ આઇ ફોન નહી આપી રૂપિયા પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.દેસાઈ ચલાવે છે.

વાસણાઃ હિનાબહેન વા/ઓ ભાવેશભાઇ સંઘવી (ઉ.વ.૫૨) (રહે. ન્યુ સિધ્ધી ફ્લેટ પ્રજાપતી ગાર્ડન પાસે વાસણા) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૦ થી તા.૨૯/૧૦/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન હિનાબહેનના મોબાઈલમાં લોન લેવા માટે ટેક્સ મેસેજ આવતા હિનાબહેનને લોનની જરૂરીયાત હોઈ સંપર્ક કરતા સામેથી ધી કેપીટલ ફાઇનાન્સ કંપનીના અધિકારી/કર્મચારી વાત કરતા હોવાની ઓળખ આપી તેઓના જુદા-જુદા નામ જણાવી હિનાબહેનના મોબાઈલ પર વોટ્સ એપ મેસેજ તથા ફોન કરી રૂપિયા ૫,૦૦,૦૦૦/- પર્સનલ લોન સેંકશન થયાનુ જણાવી લોન પ્રોસેસીંગ ફી પેટે હિનાબહેન પાસેથી કુલ રૂપિયા ૧,૯૯,૪૫૯/- ઓનલાઇન તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ લોન મંજુર નહી કરી તેમજ ભરેલા પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.જે.ઝાલા ચલાવે છે.

કૃષ્ણનગરઃ સત્યવાન સર્વજીત પાંડે (ઉ.વ.૫૪) (રહે. શિરોમણી પાર્ક સ્વામિનારાયણ મંદિર પાસે બાપા સિતારામ ચોક નવા નરોડા) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૪/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૩૩૦૮૦૦૬૩૦ ના ધારકે સત્યવાન પાંડેને ફોન કરી પેટીએમમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી સત્યવાન પાંડેના પેટીએમ કેવાયસી અપડેટ કરવાનુ જણાવી સત્યવાન પાંડેના મોબાઈલમાં એપ ડાઉનલોડ કરાવી પ્રોસેસ કરાવી સત્યવાન પાંડેના ખાતામાંથી રૂપિયા ૧,૦૧,૫૦૦/- ઓનલીન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ કિર્તીકુમાર રમણભાઇ રોહિત (ઉ.વ.૩૨) (રહે. ચરોતર સોસાયટી પી.એફ.સ્કુલ પાછળ જશોદાનગર) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૭૦૬૧૫૫૯૦૧૦ ના ધારકે કિર્તીકુમાર રોહિતને ફોન કરી દિલ્હીથી કોટક મહિન્દ્રા બેન્ક હેડ બ્રાન્ચમાંથી બેન્કના કર્મચારી વાત કરતા હોવાની ઓળખ આપી કિર્તીકુમાર રોહિતના કોટક મહિન્દ્રા બેન્કમાં સી.આર.એન.કેવાયસી અપડેટ કરવાનુ જણાવતા કિર્તીકુમારનુ કોટક મહિન્દ્રા બેન્કમાં ખાતુ હોવાથી કિર્તીકુમારને વિશ્વાસ આવતા તેઓએ કિર્તીકુમારના મોબાઈલમાં મોકલેલ લીંક ક્લીક કરતા કિર્તીકુમાર રોહિતના ખાતામાંથી રૂપિયા ૧,૨૬,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.ડી.ઓડેદરા ચલાવે છે.

કાગડાપીઠઃ કૃણાલભાઇ માંગીલાલ શેઠીયા (ઉ.વ.૨૭) (રહે. મીરાપાર્ક ગ્રેવર સર્કલ શાહીબાગ) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૧/૨૦૨૧ ના રોજ આરોપી મોબાઈલ નંબર ૯૮૨૪૨૫૨૪૫૬, ૭૭૭૭૯૮૦૭૬૯ ના ધારક અનીલભાઇ તેમજ ચિરાગભાઇ એ ભેગા મળી કૃણાલ શેઠીયાને વિશ્વાસમાં લઈ એચ.એમ.એન્ટરપ્રાઇઝેસ નામની પેઢી આંગડીયા પેઢી જે બી.૧૨૮,પહેલો માળ ઘંટાકર્ણ માર્કેટ ખાતેથી કુલ રૂપિયા ૨૩,૦૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

નારોલઃ રુદ્ર પંકજભાઈ ત્રિવેદી (ઉ.વ.૩૨) (રહે. પંડિત દિનદયાળ વિભાગ-૨ વિવેકાનંદનગર હાથીજણ તા-વટવા) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૧ થી તા.૨૩/૧૦/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૧૦૬૭૨૨૪૩૧ અને ૬૨૬૬૪૩૩૩૬૦ ના ધારકે રુદ્ર ત્રિવેદીને ફોન કરી ઘર બેઠા કમાવાની લાલચ આપી પેજમાં રિચાર્જ કરાવી ટાસ્ક મુજબ અલગ-અલગ રકમ ઓનલાઈન ભરાવડાવી કુલ રૂપિયા ૬૫,૧૦૦/- મેળવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ સુવર્ણા શાંતિલાલ કાપડીયા (ઉ.વ.૮૭) (રહે. જીવન જયોત ફ્લેટ ન્યુ બ્રહ્મક્ષત્રીય સોસાયટી એલીસબ્રીજ) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૧ થી તા.૦૯/૦૯/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન સુવર્ણા કાપડીયાના મોબાઇલ ઉપર મોબાઇલ નંબર ૭૩૨૧૮૮૮૧૯૧ ૭૩૯૪૯૭૦૬૩૬ ના ધારકે ફોન કરી એસબીઆઈ બેંકમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી કેવાયસી અપડેટ કરવાનુ જણાવી સુવર્ણા કાપડીયાના એસબીઆઈ બેંકની માહીતી મેળવી લઈ સુવર્ણા કાપડીયાના ખાતામાંથી કુલ રૂપિયા ૮,૮૯,૨૩૧/- ઓનલાઈન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

વટવાઃ (૧) ધીરજસિહ રણજીતસિહ અડીયોલ (ઉ.વ.૪૪) (રહે. શીખર એપાર્ટમેન્ટ જીવીબા સ્કુલ સામે ઘોડાસર) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૦ થી તા.૦૫/૦૫/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૦૨૯૭૮૮૮૪૫ ના ધારકે ધીરજસિહ અડીયોલને ફોન કરી સીમકાર્ડ અપડેટ કરવાનુ જણાવી ધીરજસિહ અડીયોલના આઈ.સી.આઈ.સી.આઈ બેન્ક ઘોડાસર બ્રાન્ચના ખાતામાં રજીસ્ટર મોબાઇલ નંબર જાણી લઈ ધીરજસિહ અડીયોલ પાસેથી મેસેજમાં આવેલ નંબર મેળવી લઇ તેના આધારે ધીરજસિહ અડીયોલના ખાતામાંથી કુલ રૂપિયા ૯,૯૩,૫૪૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.વી.સીસારા ચલાવે છે.

વટવાઃ (૨) હેતલભાઇ પ્રવિણભાઇ ગજ્જર (ઉ.વ.૪૨) (રહે. મુરલીધર સોસાયટી વિભાગ-૨ ગેબનશા દરગાહની બાજુમા વટવા) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ હેતલભાઇ ગજ્જરના મોબાઈલ ઉપર મોબાઈલ નંબર ૮૭૨૫૯૮૬૧૫૬ ના ધારકે ફોન કરી એસ.બી.આઈ. ક્રેડીટકાર્ડ વિભાગમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી હેતલભાઇ ગજ્જરનુ ક્રેડીટકાર્ડ અપડેટ કરવાનુ જણાવી પ્રોસેસ કરાવી હેતલભાઇ ગજ્જરના મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર મેળવી લઇ ક્રેડીટકાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૦૪,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.વી.સીસારા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૩૭૦/૨૦૨૧**

સરખેજઃ રમીઝખાન હસીબખાન પઠાણ (રહે. પ્લોટનં-૧૦ ઉમેરા પાર્ક મહંમદી મસ્જીદ પાસે અહદ સ્પોર્ટ્સ કલબ સામે લોખંડવાળા પાર્ટી પ્લોટ રોડ ફતેવાડી સરખેજ) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૨૧ સાંજના ૬/૩૦ થી રાતના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની જાળીના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૧,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૩૭૧/૨૦૨૧**

બાપુનગરઃ શારદાબહેન વા/ઓ બાબુભાઇ પ્રજાપતી (ઉ.વ.૫૫) (રહે. અક્ષરધામ એપાર્ટમેન્ટ ડી-માર્ટ સામે ઇન્ડીયા કોલોની રોડ બાપુનગર) એ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૨/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે શટલ ઓટો રિક્ષામાં બેસી મુસાફરી કરી રહ્યા હતા ત્યારે ઓટો રિક્ષામાં બેઠેલ એક પુરૂષ અને બે સ્ત્રીઓએ ઓટો રિક્ષા ચાલકની મદદગારીથી શારદાબહેન પ્રજાપતીના થેલામાંથી સોના દાગીના કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦૦૦/- ચોરી કરી બાપુનગર ઠક્કરનગરબ્રીજ નીચે થી બાપુનગર ટોલનાકા તરફ જતા ડોલી ગારમેન્ટની બાજુમાં શારદાબહેનને રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

શાહીબાગઃ રોડીલાલ સેવાજી બંજારા (ઉ.વ.૪૭) (રહે. ધમાકા સેલ નામની સ્ટોલમાં હિમાલયા એલેન્જાની સામે,આર.ટી.ઓ. બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે આર.ટી.ઓ, સુભાસબ્રીજ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે શટલ ઓટો રિક્ષામાં બેસી મુસાફરી કરી રહ્યા હતા ત્યારે ઓટો રિક્ષામાં બેઠેલ બે પુરૂષ અને એક સ્ત્રીએ ઓટો રિક્ષા ચાલકની મદદગારીથી રોડીલાલ બંજારાની નજર ચુકવી રોડીલાલ બંજારાના ઝબ્બાના ખીસામાંથી રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- ચોરી કરી લઈ રોડીલાલ બંજારાને શાહીબાગ શનિદેવ મંદિર પાસે તેરાપંથ ભવનની બાજુમાં રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

મંદિરમાંથી ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૩૭૨/૨૦૨૧**

વટવાઃ ભાસ્કરભાઇ કેરલુ વાનીયા (ઉ.વ.૬૪) (રહે. શક્તિ બ્લોસમ શક્તિ ગાર્ડનીયા સામે ગામડી રોડ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૭/૧૨/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૨૮/૧૨/૨૦૨૧ કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા નવાપુરા મેદાન પાસે આવેલ અયપ્પા મંદીરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મંદિરમાંથી મુર્તિ ઉપરથી સોનાના પેડલ નંગ-૨, પીત્તળના ઘંટ નંગ-૩, પિત્તળના દિવેલીયા નંગ-૩, ઘંટડી નંગ-૨ તેમજ દાનપેટીમાંથી રોકડ રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.